મહત્તમ : ૨૫.૬ ડીગ્રી
લઘુતમ : ૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના કલાકારોની આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં જમાવટ

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ નિમિત્તે યોજાયેલા સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું ડિરેકશન ગાંધીનગરના જાણીતા કોરીયોગ્રાફર ભાવિન પટેલ દ્વારા કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૬

આંતરરાષ્ટ્રીય પતંગોત્સવના પ્રારંભે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગાંધીનગરની જાણીતી પનઘટ કલાકેન્દ્ર સંસ્થાના કલાકારોએ જોરદાર પર્ફોમન્સ આપી ભારે જમાવટ કરી હતી. સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું ડિરેકશન ગાંધીનગરના જાણીતા કોરીયોગ્રાફર ભાવિન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે દસ દિવસ સુધી ચાલનારા આંતરરાષ્ટ્રીય પતંગો મહોત્સવનો પ્રારંભ રવિવાર વહેલી સવારે મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અવસરે ગુજરાત પ્રવાસન નિગમ અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય કલાકાર ભરત બારૈયા, અક્ષય પટેલ, નમ્રતાબેન શાહ વૃંદ, નિર્મિત પરફોર્મીંગ આર્ટ અને પનઘટ કલાકેન્દ્રના કલાકારોએ ભાગ લઈ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. ગાંધીનગરના જાણીતા કોરીયોગ્રાફર દ્વારા દિગ્દર્શિત આ ભવ્ય કાર્યક્રમમાં રજુ થયેલ વિવિધ કૃતિઓએ ઉપસ્થિત સૌ દર્શકોનું મન મોહી લીધું હતું.

સેકટર-૩ ન્યુ ખાતે આંગણવાડી બનાવવા વસાહત મંડળની માંગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં મહાનગર પાલિકા તંત્ર દ્વારા સ્માર્ટ આંગણવાડી બનાવવામાં આવી છે. પરંતુ સેકટર-૩ ન્યુ ખાતે આંગણવાડી બનાવવામાં આવી નથી. હાલ ભાડાના મકાનમાં આંગણવાડી ચાલી રહી છે. જેથી સ્ટાફના કર્મચારીઓ અને રહેણાંક વિસ્તારમાં હોવાથી વસાહતીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે સેકટર-૩ ન્યુ ખાતે આંગણવાડી બનાવવા માટે સે-૩ ન્યુ વસાહત મંડળ દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા હજુ સુધી તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવાયો નથી. ત્યારે સે-૩ ન્યુમાં તંત્ર દ્વારા આંગણવાડી બનાવવામાં આવે તો આસપાસના શ્રમિક વિસ્તારના બાળકોને પણ લાભ મળી શકે તેમ છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજયના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલી ગ્રાન્ટમાંથી શહેરમાં ૨૦

આંગણવાડી તંત્ર દ્વારા તૈયાર કરાઈ છે. આ અતિ આધુનિક આંગણવાડી (નંદઘર) સુવિધાઓથી ભરપુર છે. શહેરના જરૂરીયાતવાળા વિસ્તારમાં આંગણવાડીનો લાભ બાળકો લઈ રહ્યા છે. ત્યારે શહેરના સેકટર-૩ ન્યુ ખાતે છેલ્લા ઘણા સમયથી આંગણવાડી ભાડના મકાનમાં ચાલી રહી છે. જેને પગલે બાળકોને પુરતી સુવિધા મળી રહેતી નથી. જયારે રહેણાંક વિસ્તારમાં આંગણવાડી ચાલુ હોવાછી આસપાસના રહીશોને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સે-૩ ન્યુ આસપાસના વિસ્તારમાં શ્રમિક પરિવારો મોટી સંખ્યામાં વસવાટ કરતા હોવાથી બાળકોની સંખ્યા પણ સવિષેશ રહે છે. ત્યારે સેકટર-૩ ન્યુ ખાતે આંગણવાડી માટે વસાહત મંડળના પ્રમુખ દ્વારા વારંવાર લેખિત અને મૌખિક રજુઆતો કરવા છતા તંત્રના ધ્યાને વાત આવી નથી તેવું લાગી રહ્યું છે. આંગણવાડીમાં એક સુપરવાઈઝર અને તેડાગર બહેનો પણ ફરજ બજાવી રહ્યા છે. ત્યારે વર્ષોથી ચાલતી આંગણવાડીને શિફટ થવાની ઝંઝટમાંથી મુકિત મળે અને આંગણવાડીને તંત્ર દ્વારા કાયમી મકાન મળી રહે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

વાઈબ્રન્ટ સમિટને પગલે ઉત્તરાયણ પછી શટલિયા બંધ કરાવી દેવાશે

શહેરમાં બેફામ ફરતા શટલિયા સુરક્ષાના કારણોસર ૧૦ દિવસ બંધ રહેશે

ગાંધીનગર, તા.૬

પાટનગરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશની હસ્તીઓ તથા વીવીઆઈપી મહાનુભાવોની સતત મુવમેન્ટ રહેશે. આ સમયમાં તંત્રએ બે મહત્વની બાબતો પર ધ્યાન રાખવાનું રહેશે. એક તો તમામ હસ્તીઓની સુરક્ષા અને સલામતી તથા બીજુ જે હસ્તીઓ આવશે તે ગુજરાત મોડલની છાપ પોઝિટિવ લઈને જાય તે પણ જોવાનું રહેશે. જેને પગલે શહેરના માર્ગો ચકચકાટ કરવાનું કામ ચાલી રહ્યું છે અને ડિવાઈડરથી માંડીને સર્કલો, ઈલે.લાઈટના પોલ તથા વૃક્ષો પર પણ કલર કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. ચારેય તરફ તંત્ર કામે લાગી ગયા છે ત્યારે શહેરમાં ફરતાં શટલિયા તથા બેફામ બનેલા લારી-ગલ્લા, ઝુપડા સહિતના કાચા-પાકા દબાણો શહેરની છાપ ખરાબ કરે તેવું લાગી રહ્યું છે. જેને પગલે એક તરફ મુખ્ય માર્ગો પરથી દબાણો હટાવવા આદેશ છૂટી ગયા છે તો બીજી તરફ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ શટલીયા જીપો-રિક્ષાઓ બંધ કરાવી દેવા વિચારણા ચાલી રહી છે.

ગાંધીનગર શહેરના ઘ માર્ગ ઉપરથી બેફામ ફરતા શટલ રિક્ષાઓ અને જીપો વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સદંતર બંધ કરી દેવામાં આવે તેવી શક્યતા છે. ગાંધીનગરથી સરખેજ તથા ગાંધીનગર થી અમદાવાદ તરફની શટલીયા જીપો-રીક્ષાઓ બેરોકટોક ચાલી રહી છે તેનો કોઈ વાંધો નથી પરંતુ આ શટલીયા ચાલકો રસ્તાની વચ્ચોવચ ઊભા રહીને મુસાફરો ભરે છે અને ટ્રાફિકને અડચણરૂપ રસ્તા વચ્ચે ગમે ત્યારે ઉભા રહી જાય છે. એક જીપમાં ૨૦-૨૦ મુસાફરો ને બેસાડીને જોખમી મુસાફરી કરવામાં આવે છે. આ તમામ બાબતો વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આવનારા દેશ-વિદેશની હસ્તીઓની નજરે ચઢે તો ગુજરાત મોડેલની આબરૂ જાય તેવી સ્થિતિ છે. જેને કારણે વીવીઆઈપીઓની સુરક્ષાનુ કારણ ધરી ને વાઈબ્રન્ટ સમિટ દરમિયાન એટલે કે ઉત્તરાયણ શરૂ થાય ત્યારથી વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થાય ત્યાં સુધી દસ દિવસ માટે શટલીયા જીપો અને રિક્ષાઓને ગાંધીનગર શહેરમાં સદંતર બંધ કરી દેવા સૂચના આપી દેવામાં આવશે. જોકે આ સુચના ગાંધીનગરમાંથી જે શટલીયાઓ ભરાય છે તેમના પૂરતી જ હશે. ચિલોડા-હિંમતનગર રૂટ પર દોડતા શટલિયા ઉપર વીવીઆઈપીનું ધ્યાન જાય તેમ નથી એટલે તેને બંધ કરવામાં આવશે નહીં.

ઈન્ફોસીટીથી કોબા માર્ગ પર થતા અકસ્માત નિવારણ અંગે આજે કલેકટરને આવેદનપત્ર અપાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર અને અમદાવાદ ટ્વીન સીટી બનવા જઈ રહ્યું છે. ઈન્ફોસીટી થી કોબા માર્ગ વચ્ચે અકસ્માતનો વણથંભી વણઝાર ચાલુ રહે છે. જેમાં કુડાસણ પાટીયા, પીડીપીયુ અને કોબા સર્કલ પર અકસ્માત નિવારણ અંગે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેને અનુલક્ષી ઈન્ફોસીટીથી કોબા સુધીના માર્ગમાં આવેલ તમામ સોસાયટીના રહીશો એકત્ર થઈ જિલ્લા કલેકટરને આજે આવેદનપત્ર આપી ત્યાં પુરતી ટ્રાફીક વ્યવસ્થા ગોઠવાય તે માટે રજુઆત કરશે.

છેલ્લા ઘણા સમયથી ગાંધીનગર શહેરમાં ટ્રાફિક સમસ્યા જટીલ બની છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ ચ-૦ થી કોબા સુધીના માર્ગ પર ભારે ટ્રાફિક સર્જાય છે. વાહનોની સંખ્યામાં અધધ વધારો થતા અમદાવાદ શહેર જેવો ટ્રાફિક ગાંધીનગરમાં પણ જોવા મળે છે. સવારથી મોડી રાત સુધી સતત કોબા ગાંધીનગર માર્ગ ધમધમતો હોય છે. જયારે આ માર્ગ પર નીલગાયનો પણ ત્રાસ વધી જવા પામ્યો છે. તેને પગલે પણ ઘણાખરા અકસ્માત સર્જાય છે. જેમાં વાહનનો ખુડદો બોલી જાય છે અને વાહનચાલકો ઈજાઓ પહોંચે છે. ત્યારે કુડાસણ પાટીયા, પીડીપીયુ અને કોબા સર્કલ પાસે વાહનોના ધસારાને પગલે નાના મોટા અકસ્માત સર્જાય છે. જેમાં કેટલાક નાગરીકોને નાની મોટી ઈજાઓ પહોંચે છે તો કેટલાકને પોતાનો જીવ ખોવાનો વારો આવે છે. ત્યારે કુડાસણથી કોબા સુધીના માર્ગમાં આવેલ તમામ સોસાયટી, ફલેટ તેમજ બંગ્લોઝમાં રહેતા વસાહતી ભાઈ બહેનો તા. ૭ જાન્યુઆરીને ૨૦૧૯ ને સોમવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી આ ત્રણ ઉપરોકત સ્થળે સર્જાતા અકસ્માત નિવારી શકાય અને કાયમી ધોરણે ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સૌ વસાહતી ભાઈ બહેનો રજુઆત કરી આ અંગે સત્વરે યોગ્ય કરવા જણાવશે.

સાસુ-સસરાએ મળીને પુત્રવધૂ પર જીવલેણ હુમલો કર્યો

મકાન ખાલી કરીને જતાં રહો તેમ કહીને સસરાએ લોખંડની પાઈપ પુત્રવધૂને માથે ફટકારી

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી નિવાસસ્થાને અડીને આવેલા બોરીજ ખાતે જૈન દેરાસર વાળુ પરુ વિસ્તારમાં સાસુ-સસરાએ મળીને પુત્રવધૂ પર જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાવા પામી છે. રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં પુત્રવધુ તેના બે સંતાનોને લઈને સૂતી હતી ત્યારે સાસુ સસરા તેના રૂમમાં જતા રહ્યા હતા અને પુત્રવધુને ગડદાપાટુનો માર મારીને મકાન ખાલી કરીને જતાં રહો તેમ કહી સસરાએ લોખંડની પાઈપ પુત્રવધૂને માથામા ફટકારી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલી પુત્રવધૂએ સાસુ-સસરા સામે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા બોરીજ ગામમાં જૈન દેરાસર વાળું પરુ વિસ્તારમાં રહેતા નયનાબેન અતુલભાઈ સહાની એ પોતાના સાસુ-સસરા સામે ગુનો દાખલ કરાવ્યો છે. ત્રીજી જાન્યુઆરીએ રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં નયનાબેન તેના બે સંતાનોને લઈને પોતાના રૂમમાં સૂતી હતી ત્યારે તેનો પતિ અતુલ સહાની મસાલો ખાવા માટે બહાર ગયો હતો. તે દરમિયાન તેના સાસુ કોકિલાબેન અમૃતભાઈ સહાની અને સસરા અમૃતભાઈ આત્મારામ સહાની નયનાબેન રૂમમાં આવી ગયા હતા અને ગાળા ગાળી શરૂ કરીને મકાન ખાલી કરીને જતાં રહો તેમ કહી ધમાચકડી શરૂ કરી દીધી હતી. બોલાચાલી ઉગ્ર થતાં સાસુ-સસરાએ નયનાબેનને ગડદાપાટુનો માર માર્યો હતો. સસરા અમૃત સહાનીએ લોખંડની પાઈપ પુત્રવધુ નયનાબેનના માથે મારતા નયનાબેનને ગંભીર ઈજાઓ થવા પામી હતી એટલામાં તેના પતિ અતુલ સહાની ઘરે આવી ગયા હતા અને હિંમતનગર થી નયનાબેનના પિયરિયા પણ આવી ગયા હતા. ગંભીર હાલતમાં હિંમતનગર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે આ મામલે નયનાબેને તેના સાસુ સસરા સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને બંનેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

હોડ પ્રતિમાને બદલે આદર્શોની થાય તો વધુ ફળદાયી નિવડશે

અજોડની હોડ કરી જોડ ઉભી કરવાથી બંનેનું મહત્વ ઘટે છે : એક પછી એક ઊંચી પ્રતિમાઓ ઉભી કરવાને બદલે જે તે મહાપુરુષે ચીંધેલા આદર્શને અનુરૂપ સ્મૃતિ નિર્માણનો વિકલ્પ અપનાવવો વધુ યોગ્ય રહે

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં નર્મદા તટે સરદાર સરોવર ડેમની સામે સાધુબેટ પર અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટરની કાંસ્ય પ્રતિમા જેને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નામાભિધામ કરાયું છે તે સ્થાપવામાં આવી છે. આ પ્રતિમા વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા છે જેના કારણે ગુજરાત સમગ્ર વિશ્વના પ્રવાસન ઉદ્યોગને આકર્ષવા સક્ષમ બનવા સાથે આઝાદી પછી વેરવિખેર થવાના આરે આવીને ઉભેલા ભારતને એક સુત્રમાં બાંધવાનું ભગીરથ કાર્ય કરનાર સરદાર પટેલ જેવી વિરલ વિભૂતિને અપાયેલ યથાયોગ્ય આદરાંજલિ સમાન છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પછીના થોડાક સમય બાદ જ અયોધ્યામાં સરયુ નદીને કાંઠે ભગવાન શ્રીરામની ૨૨૧ મીટર ઊંચી પ્રતિમા સ્થાપવાની ઉત્તર પ્રદેશ સરકારે જાહેરાત કરી છે. વળી, સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાથે જ વિવિધ રાજકીય પરિબળોએ પોતાને 'અનૂકૂળ' હોય તેવા નેતાઓની ઉંચી પ્રતિમાઓ

સ્થાપવા ગણગણાટ શરૂ કર્યો છે ત્યારે વિચારવા જેવું ખરું કે ઉંચી પ્રતિમાનુ રાજકારણ રાષ્ટ્ર માટે કેટલું હિતકારક રહેશે?

'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ની વાત કરીએ તો અત્યારે વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ ધરાવતી પ્રતિમા છે જેની ઉંચાઈ ૧૮૨ મીટર છે ત્યાર બાદ બીજા નંબરે ચીનનું 'સ્પ્રીંગ ટેમ્પલ' આવે છે જેની ઊંચાઈ ૧૫૩ મીટર, ત્રીજા નંબરે જાપાનની 'ઉશીકું દાઈબુત્સુ'ની ઊંચાઈ ૧૨૦ મીટર, ચોથા ક્રમે અમેરિકાની જગ વિખ્યાત 'સ્ટેચ્યુ ઓફ લિબર્ટી' ડેની ઊંચાઈ ૯૩ મીટર છે અને પાંચમા ક્રમે રશિયાની 'ધ મધરલેન્ડ કોલ્સ' પ્રતિમા ૮૫ મીટરની ઉંચાઈ ધરાવે છે. આ સાથે બ્રાઝીલની 'ક્રાઈસ્ટ ધ રિડીયર' ૩૯.૬ મીટર ઉંચાઈ ધરાવતી વિશ્વમાં લોકપ્રિય પ્રતિમાઓમાં સ્થાન ધરાવે છે. વિશ્વમાં જેમ ઊંચી પ્રતિમાઓની બોલબાલા છે તે જ રીતે ઊંચી ઈમારતોની પણ એટલી જ બોલબાલા છે અને તેમાં દુબઈની બુર્જ ખલીફા, ચીનની વુહન ગ્રીનલેન્ડ તથા શાંઘાઈ ટાવર વગેરેનો સમાવેશ થાય છે જયારે પણ કોઈ ઊંચી પ્રતિમા, ઈમારત કે અન્ય સ્ટ્રકચરનું નિર્માણ કરવામાં આવે છે ત્યાર તેની પાછળ થતા અધધ... ખર્ચના બદલામાં નિર્માણ સમયથી માંડીને પછીના વર્ષો સુધી ઉભી થનારી રોજગારી તથા વ્યવસાયિક ઉત્તેજનને મહત્વ આપવામાં આવે છે. જો કે બીજી

તરફ માત્ર પ્રવાસન કે ઐતિહાસિક મહત્વને ધ્યાનમાં રાખીને કરવામાં આવતા નિર્માણ સામે બંધ કે પુલ જેવા વિકાસલક્ષી નિર્માણો અથવા ખેડૂતો કે જરૂરિયાતમંદો માટે આયોજનલક્ષી ખર્ચ કરવો જોઈએ તેવી દલીલો કરનારો વર્ગ પણ મોજુદ હોય છે. પરંતુ જયારે ઐતિહાસિક મહૃતવને ધ્યાનમાં રાખીને નિર્માણ થતું હોય ત્યારે પણ તેની તુલના વિવિધ પરિમાણોથી કરનાર વર્ગ પણ પોતાને 'અનુકુળ' હોય તેવા મહૃત્વને પસંદ કરવા પ્રયાસ જરૂર કરે છે. આ બધામાં સૌથી અગત્યની વાત પ્રવાસનને વેગ આપવાની હોય ત્યારે સ્થાપિત નિર્માણ 'અજોડ' હોય તે આવશ્યક છે. જો એકસરખાં સ્થાપત્યો વધી જાય ત્યારે આપોઆપ જે તે સ્થાપત્યનું મહત્વ ઘટી જાય છે.

અત્યારે ભારતમાં સરદાર પટેલની પ્રતિમા સામે મહાત્મા ગાંધી, ડૉ. આંબેડકર, શિવાજી મહારાજ વગેરે સહિત વિભૂતિઓની પ્રતિમા સ્થાપન માટે ગણગણાટ સાંભળવા મળે છે તો બીજી તરફ રાજસ્થાનમાં નાથદ્વારા નજીક ચાર વર્ષથી ભગવાન શિવની ૩૫૧ ફૂટની પ્રતિમાનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. સરદાર પટેલની પ્રતિમાના સ્થાપન અંગેના નિર્ણયની યોગ્યતા અંગે કોઈ જ શંકા નથી પરંતુ તેની સામે મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ કે ડૉ. બાબા સાહેબ આંબેડકર સહિતના મહાપુરુષોના યોગદાનનું મહત્વ લેશમાત્ર ઓછું થતું નથી. હકીકતમાં તો આવી તુલના કરવાને પરિણામે ઉભા થતા કલેશથી રાષ્ટ્રને નુકશાન થાય છે જે ભરપાઈ કરવું અઘરું બને છે અને જે સામાજિક તિરાડ ઉભી કરવાનું કાર્ય જરુર કરે છે. કોઈ પણ મહાપુરુષને તેમના યોગદાન બદલ માત્ર પ્રતિમા થકી જ આદર-સન્માન વ્યકત કરી શકાય તેવું જરુરી નથી પરંતુ તે માટે અન્ય વિકલ્પો પણ વિચારવા યોગ્ય હોય છે જે વૈવિધ્ય પુરું પાડવા સાથે તુલનાત્મકતાના ગેરફાયદાથી બચાવી શકે છે. આમ તો કોઈ પણ મહાપુરુષને સાચી ભાવાજંલિ તો તેમના સૂચવેલા આદર્શોનું અનુસરણ જીવનમાં અપનાવવાથી જ આપી શકાય છે પરંતુ જયારે વિશ્વ સમક્ષ 'સ્મૃતિ ચિહ્ન' ખડું કરવાનું હોય ત્યારે સ્થાપત્યોનો આધાર લેવાય જેમાં માત્ર દેખાદેખીનું તત્વ જો હાવી થાય તો તે હોડ સરવાળે 'ભાગાકાર' જેવી જ સાબિત થાય.

એક રીતે કુદરતની સામે દૃષ્ટિ કરો આ વિવાદનો ઉકેલ ખૂબ આસાનીથી મળે છે જેમ કે કુદરતી રીતે સર્જાયેલા સૌથી ઊંચા પહાડોમાં હિમાલય હોય કે આલ્પ્સ, ઉંચા ધોધ હોય કે ગાઢ જંગલો અથવા વિશાળ સમુદ્રો, અફાટ રણ વિસ્તારો હોય પરંતુ દરેકમાં અઢળક વૈવિધ્ય અને મહત્વ જોવા મળે છે. દરેકનું સ્વરૂપ તથા લાક્ષણિકતાઓમાં જૂજ સામ્યતા હોય છે એટલે જ દરેક અજાયબી પોતાનુ આગવું આકર્ષણ ધરાવે છે. આશા રાખીએ કે ઊંચી પ્રતિમાઓની હોડને બદલે હવે આપણે પણ ઊંચા આદર્શો ફળીભૂત થાય તેવા નિર્માણ તરફ આગળ વધીશું.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com